અરજીની તારીખઃ-

પ્રતિ,
જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
(વર્ગ-૧), ગાંધીનગર

| |
|---|
| પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો. |

**<u>વિષયઃ- વકીલ સ્ટાઇપેન્ડ મંજુર કરવા બાબત.</u>**

માન. સાહેબશ્રી,

જયભારત સાથ જણાવવાનું કે, આ સાથે મારો સંપૂર્ણ બાયોડેટા નીચે મુજબ સામેલ રાખેલ છે. તો સરકારશ્રીની અનુ.જાતિના જુનિયર વકીલોને મળતી વકીલ સ્ટાઇપેન્ડની યોજના હેઠળ સહાય મંજુર કરવા વિનંતી.

(૧) અરજદાર જુનિયર વકીલનું નામ :-
સરનામું :-
સંપર્ક નંબર :-
(૨) અરજદાર જુનિયર વકીલની સનદ નંબર/તારીખ :-
(૩) અરજદારની જાતિ / પેટા જાતિ :-
(૪) અરજદારના સીનીયરનું નામ :-
સરનામું :-
સંપર્ક નંબર :-
(૫) સીનીયર વકીલની સનદ નંબર/તારીખ :-
(૬) પરિશિષ્ટ-૨ અને ૩ મુજબ (જેનો નમુનો આ સાથે સામેલ છે.) તેમાં જુનિયર વકીલ/સિનિયર વકીલના સહી / સિક્કા કરી અરજી સાથે પરત કરવા.

અરજદારની સહી/-

**<u>અરજી સાથે બીડાણ કરવાના પુરાવાઓની વિગતોઃ-</u>**

(૧) જુનિયર / સીનીયરની સનદની પ્રમાણિત નકલ અથવા તો એનરોલમેન્ટ નંબર તારીખની પ્રમાણિત નકલ.
(૨) સીનીયર વકીલ દશ વર્ષથી વધુ સમયથી પ્રેકટીશ કરે છે તે મતલબનું જે તે સીનીયરનું પ્રમાણપત્ર.
(૩) સીનીયર વકીલના હાથ નીચે હાલમાં કેટલા જુનિયર વકીલો તાલીમ લે છે તે અંગેની લેખિત વિગતો જે તે સીનીયર પાસેથી લેખિતમાં મેળવી સામેલ રાખવું.
(૪) સીનીયર વકીલનું તાલીમ આપવા અંગેનું સંમતિ પત્રક.
(૫) અરજદારના રેશનકાર્ડની પ્રમાણિત નકલ.
(૬) અરજદારના જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
(૭) થર્ડ એલ.એલ.બી. પાસ કર્યાની માર્કશીટની પ્રમાણિત નકલ.
(૮) શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ
(૯) જુનીયર/સીનીયર વકીલનાં બેંક ખાતા નંબર પાસબુકના પ્રથમ પાનાની પ્રમાણિત નકલ

# <u>પરિશિષ્ટ-૨</u>

## <u>તાલીમાર્થીઓ માટેની શરતો અને નિયમો</u>

૧. અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતક તાલીમાર્થીને ૩ વર્ષની તાલીમ નિયમિત રીતે પુર્ણ કરવાની રહેશે. જે દરમ્યાન પ્રેકટીશ શરૂ કરે તેના પ્રથમ વર્ષે માસીક **<u>રૂા.૧૦૦૦/-</u>** બીજા વર્ષે માસીક **<u>રૂા.૮૦૦/-</u>** અને ત્રીજા વર્ષે **<u>રૂા.૬૦૦/-</u>** ની સહાય આપવામાં આવશે.

૨. અધ્ધ વચ્ચે તાલીમ છોડી દેશે તો ચુકવેલ આર્થિક સહાયની સઘળી રકમ એક જ હપ્તે પરત જમા કરાવવાની રહેશે અને ત્યારબાદ આ યોજના હેઠળ લાભ મળવા પાત્ર થશે નહીં.

૩. પ્રેકટીશ જિલ્લા / તાલુકા મથકે જ લેવાની રહેશે.

૪. જે સીનીયર વકીલ સાથે પ્રેકટીશ કરવા મંજુરી આપેલ છે તે વકીલ પાસે થી પ્રેકટીશ કર્યાનું પ્રમાણપત્ર દર મહીને રજુ કરવાનું રહેશે.

૫. નિયત નમૂનામાં બાંહેધરી પત્રક પ્રેકટીશ શરૂ કરતાં પહેલા રજુ કરવાનું રહેશે. જેનો નમૂનો નીચે મુજબ છે તેની સાથે જાતિ પ્રમાણપત્રની નકલ, થર્ડ એલ.એલ.બી.પાસ કર્યાની માર્કશીટ, સનદની નકલ, શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ, સીનીયર વકીલની સનદની નકલ આ તમામ પુરાવાઓ અસલમાં ખરાઇ કરાવી નકલો જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરીને આપવાની રહેશે.

### <u>:: બાંહેધરી પત્રક ::</u>

આથી હું નીચે સહી કરનાર શ્રી ........................................ રહેવાસી હાલ ગામ.............. તાલુકો ................. જિલ્લો ................ જાતિ ............ આથી બાંહેધરી આપું છું કે, સરકારશ્રી તરફથી વકીલાત અંગેની પ્રેકટીશ શરૂ કરવા માટે મળવાપાત્ર આર્થિક સહાય જે હેતુ માટે મળશે તે હેતુ માટે ઉપયોગ કરીશ તથા ત્રણ વર્ષ સુધી પ્રેકટીશ ચાલુ રાખીશ. પ્રેકટીશ દરમ્યાન જે સીનીયર વકીલ સાથે પ્રેકટીશ કરતાં મંજુરી આપેલ છે તેઓ પાસે પ્રેકટીશ કર્યાનું પ્રમાણપત્ર દર મહિને રજુ કરીશ અધ્ધ વચ્ચે તાલીમ છોડી દઇશ તો જેટલા સમય માટે આર્થિક સહાય મને મંજુર કરી ચુકવવામાં આવેલ હશે તે સમગ્ર રકમ એક જ હપ્તે સરકારમાં જમા કરાવવાની બાંહેધરી આપું છું જો પરત જમા ન કરાવું તો રેવન્યુ રાહે વસુલાત કરવા સરકારશ્રીને અબાધિત અધિકાર રહેશે. મેં આ અગાઉ અન્ય કોઇ જિલ્લામાંથી આ યોજના હેઠળ લાભ લીધો નથી તથા મારા હાલના રહેઠાણના સરનામામાં કે સંપર્ક નંબરમાં કે મારા સીનીયર વકીલની નિમણૂંકમાં કંઇ પણ ફેરફાર થશે તો તેની જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરને દિન-૭માં જાણ કરવાની મારી જવાબદારી રહેશે.

સ્થળ :<br>
તારીખ :<br>
નામ :<br>
સરનામું:

અરજદારની સહી/-

## પરિશિષ્ટ-3

## સીનીયર વકીલો માટેની શરતો અને નિયમો

૧. અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતક તાલીમાર્થીને સળંગ 3 વર્ષ સુધી વકીલાતની તાલીમ આપવાની રહેશે જે દરમ્યાન તાલીમાર્થી દિઠ માસીક રૂા.૫૦૦/- ના દરે એલાઉન્સ આપવામાં આવશે.

૨. અગાઉથી જાણ કર્યા વગર અધ્ધ વચ્ચે તાલીમ આપવાનું બંધ કરશે તો ચુકવવામાં આવેલ એલાઉન્સની સઘળી રકમ એક જ હપ્તે વસુલ કરવામાં આવશે.

3. પ્રેકટીશ જિલ્લા / તાલુકા મથકે આપવાની રહેશે.

૪. તાલીમાર્થીને વકીલાની તાલીમ આપ્યા અંગેનું પ્રમાણપત્ર દર મહિને રજુ કરવાનું રહેશે.

૫. નિયત નમૂનામાં એકરારનામું તાલીમ આપવાનું શરૂ કરતાં પહેલા આપવાનું રહેશે. જેનો નમૂનો નીચે મુજબ છે.

### :: બાંહેધરી પત્રક ::

આથી નીચે સહી કરનાર શ્રી ........................... રહેવાસી હાલ ગામ........... તાલુકો ............ જિલ્લો .......... જાતિ ........ ......... જણાવું છું. કે, હું ............ સ્થળ ...... વર્ષથી વકીલાત કરૂ છું. અમોએ શ્રી ........................ ગામ ............... તાલુકો ............ જિલ્લો ............. ને 3 (ત્રણ) વર્ષ માટે જુનીયર વકીલ તરીકે તેઓને અમારી સાથે રાખી નિયમિત વકીલાની પ્રેકટીશ કરાવવા તૈયાર છું. અધ્ધ વચ્ચે પ્રેકટીશ કરાવવાનું છોડી દઇશ તો સરકારશ્રી તરફથી માસીક રૂા.૫૦૦/- લેખે ચુકવવામાં આવેલ એલાઉન્સની સઘળી રકમ એક જ હપ્તે સરકારશ્રીમાં પરત જમા કરાવવાની બાંહેધરી આપું છું. મારા હાથ નીચે સરકારશ્રીના નિયમોનુસાર આ પ્રકારની યોજનાનો લાભ લેતાં ૨ જુનીયર વકીલોથી વધુ વકીલો તાલીમ લઇ રહ્યાં નથી. જેની ખાત્રી આપું છું.

સ્થળ :

તારીખ :

નામ :

સરનામું:

અરજદારની સહી/-